ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



મનસુખલાલ પંડ્યા
મો. ૯૦૩૩૫૬૫૮૧૩



ક્રિશા વિનોદકુમાર મકવાણા



દિયા તેજેન્દ્રકુમાર પટેલ
મો. ૯૯૨૪૨ ૧૪૩૯૩



વિહાન મિહિર ભટ્ટ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે સૅક્ટર-૨૩ પરિસર ખાતે ભવ્ય ઉજવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં મંડળ સંચાલિત સઘળી સ્કૂલ્સના વિદ્યાર્થીઓ, આચાર્યો અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક ધરોહર ઉજાગર કરતી મનોરંજક કૃતિઓ રજૂ કરી હતી. સફાઈ અભિયાન, દીકરીને સન્માન જેવા વિષયોને આવરી લેતું મનનીય વક્તવ્ય મંડળના ગાંધીનગર પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે આપ્યું હતું. આ પ્રસંગે મંડળના વાઈસ પ્રૅસીડેન્ટ વિષ્ણુભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

### કે. બી. ઈન્સ્ટિટટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ખાતે

# “સ્વચ્છ ભારત અભિયાનમાં યુવાનોની ભૂમિકા'' વિષયે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કે. બી. ઈન્સ્ટિટટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, સેકટર- ૨૩, ગાંધીનગર ખાતે કાર્યરત રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ, તથા “ગિફ્ટિંગ લાઈફ ફાઉન્ડેશન'' અને “મ્યુઝિસ્તાન પ્રોડક્સન્સ'' દ્વારા “સ્વચ્છ ભારત અભિયાન'' અંતર્ગત “સ્વચ્છ ભારત અભિયાનમાં યુવાનોની ભૂમિકા'' વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન તેમજ સ્વચ્છ ભારત અભિયાન ઉપર શોર્ટ ડૉક્યુમેન્ટરી ફિલ્મ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો, જેમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગર પાલિકાનાં મેયર હંસાબેન મોદી તથા ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ હાજર રહ્યા હતા.

“ગિફ્ટિંગ લાઈફ ફાઉન્ડેશન'' ની ટીમે સ્વચ્છ ભારત અભિયાનના ઉદ્દેશો અને સ્ટાન્ડર્ડ ગાઈડલાઈન્સ વિશે વિદ્યાર્થીઓને અવગત કરાવ્યા હતા.

### પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ દ્વારા ગ્રીન ગ્લોબલ બ્રિગેડની રચના

# દરેક સ્તરે સઘન વૃક્ષારોપણ અને પર્યાવરણનું કાર્ય થશે



ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં પ્રકૃતિ અને પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી સેવાભાવી સંસ્થાઓ વધારે અસરકારક, ચોકસાઈપૂર્વક અને આક્રમકતાથી કાર્ય કરવા એક મંચ પર એકત્રીત થઈ રહી છે અને તેમણે ગ્રીન ગ્લોબલ બ્રિગેડની રચના કરી છે. બ્રિગેડનો દ્વિતિય કાર્યક્રમ તા. ૬ ફેબ્રુઆરીના રોજ હિંમતનગરના દેરોલ નજીક સ્થિત ઋષિવન ખાતે યોજવામાં આવશે, જેમાં રાજ્યભરના પર્યાવરણ પ્રેમીઓ ભાગ લેશે અને વિચારોનું આદાનપ્રદાન કરશે. આ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ ઓ પી કોહલી, રાજ્યના પર્યાવરણ મંત્રી, પર્યાવરણ સચિવ અને સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારો પણ ભાગ લેશે. આ કાર્યક્રમના માધ્યમથી વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન રાજ્યમાં ૧૧ કરોડ વૃક્ષોનો ઉછેર થાય તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે. ગ્રીન ગ્લોબલ બ્રિગેડ અંગે માહિતી આપતાં પ્રકૃતિ મંડળ, મહેસાણાના વિજય પટેલે જણાવ્યું હતું કે આજે ગુજરાતનાં વિવિધ સ્થળો ઉપર અનેક સંસ્થાઓ અને પ્રકૃતિ પ્રેમીઓ પર્યાવરણની જાગૃતિ માટે કામ કરી રહ્યા છે, તેમના દ્વારા યથાશક્તિ પશુધનથી લઈને રાજ્યમાં વધુ ને વધુ વૃક્ષોનું વાવેતર થાય તે માટે પ્રયાસો કરવામાં આવે છે. આવી નામી-અનામી પર્યાવરણ સંસ્થાઓ - તિરૂપતિ ફાઉન્ડેશન, પ્રકૃતિ મંડળ, ગ્રીન પ્લેનેટ, મેટ્રીકોન ફાઉન્ડેશન તેમજ સ્વામી નિજાનંદ, સ્વામિ સચ્ચિદાનંદ, રાવજીભાઈ ધોળકિયા, હરીકૃષ્ણભાઈ પટેલ, જીતુભાઈ તળાવીયાના સહયોગથી ગ્રીન ગ્લોબલ બ્રિગેડની રચના કરવામાં આવી છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઍરલિફ્ટ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
મસ્તીજાદે (એ)
૧૨.૩૦, ૩.૧૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
ઍરલિફ્ટ
૧૨.૪૫
સાલા ખડૂસ
૩.૦૦, ૫.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
રાત્રે ૧૦.૦૦
મસ્તીજાદે (એ)
૧.૩૦, ૬.૩૦
સાલા ખડૂસ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૩.૪૫
મસ્તીજાદે (એ)
૧૦.૦૦
સાલા ખડૂસ
૧૨.૩૦



આપણું ફાઉન્ડેશનના સક્રિય યુવાનો દ્વારા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કંઈક અનોખા અંદાઝમાં કરવામાં આવી હતી. કોમી એકતાની ભાવના બાળકોનાં મનમાં દૃઢ બને તે હેતુસર એક બાળરેલીનું આયોજન આ યુવાનોએ ગાંધીનગરમાં કર્યું હતું. શ્વેત વસ્ત્રોમાં સજેલાં, દેશભક્તિનાં ગીતો ગાતાં અને નારા લગાવતાં બાળકોએ શહેરીજનોમાં આકર્ષણ પેદા કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# એમ બી પટેલ વિદ્યાલયે પ્રજાસત્તાક દિવસ ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૯

એમ.બી.પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલના રંગમંચ પર રાષ્ટ્રીય રંગમંચ પર રાષ્ટ્રીય પર્વની ઉજવણી ખૂબ ધામધૂમથી કરવામાં આવી. શાળાના રંગમંચ ઉપર સૌ પ્રથમ પ્રાર્થના અને સ્વાગત નૃત્યથી કાર્યક્રમની શરુઆત થઈ. શાળાના આચાર્ય બળદેવભાઈ એ.પટેલે સર્વ મહેમાનોનું ઉમળકાભેર સ્વાગત કરી પ્રવચન કર્યું. ધ્વજવંદન વિધિમાં સરપંચ તથા ગામની ઉચ્ચ અભ્યાસ કરેલ દીકરી જાદવ કરિશ્માબેન આર. તથા ગ્રામજનો જોડાયા. શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા સદર પ્રસંગને અનુરુપ જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે ડાન્સ લોકગીત, દેશભક્તિ ગીત, વકતૃત્વ, કરાટે,



યોગ, પિરામિડ, નાટક, નૃત્ય વગેરે રજૂ કરવામાં આવ્યા હતા. ગામના સરપંચ કમલેશસિંહ ગોલ, કુબેરસિંહ ગોલ, જાણીતા સાહિત્યકાર નટવરભાઈ હેડાઉ, વિક્રમસિંહ ગોલ, બળદેવજી ગોલ, ઘનશ્યામસિંહ ગોલ, કુ. પુષ્પાબેન ગોલ તથા જુદી જુદી શાળાના આચાર્ય તથા શિક્ષકમિત્રો, દાતાઓ, વાલી મંડળના સદસ્યો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા, સદર કાર્યક્રમ અંતર્ગત અભ્યાસમાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

અધ્યક્ષ તરફથી ધોરણ-૮ થી ૧૦માં પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનારને મેડલ આપવામાં આવ્યા હતા. નવજાત બાળકીઓની માતાઓને પ્રમાણપત્ર આપી નવાજમાં આવી હતી.

ધ્વજવંદન વિધિ શાળાના શિક્ષક નિલેશભાઈ પટેલે કરાવી. અધ્યક્ષ ધિરેનભાઈ શાહ, અમરસિંહ ગોલ, મહેમાન નટવર હેડાઉ દ્વારા પ્રાસંગિક પ્રવચનો કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આચાર્ય બળદેવભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષક એન.એસ. ચૌધરીએ કર્યું. આભારવિધિ શાળાના શિક્ષક આર.એસ. નિનામાએ કરી.

# મનુષ્યદેહે વિચરતો ધર્મ : ગાંધીજી

## “સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું''

**પ્રસંગસર**
**સતીષ શામળદાન ચારણ**

‘સત્ય એ જ ઈશ્વર'ની અનુભૂતિ કરાવનાર અને અહિંસાને સર્વોચ્ચ ધર્મ સ્વીકારી તેને દૃઢતાપૂર્વક સ્થાપી સુક્ષ્માતિસુક્ષ્મ સ્તરે અને અહિંસા વિશે પ્રતિપક્ષી પણ શંકા ન કરે તે રીતે અમલ કરાવી મહાત્મા ગાંધીએ ભારતનો આત્મા અને ચહેરો બદલી નાખ્યો. તેઓ જાદુગર હતા. ગાંધીજીએ અહિંસાને વ્યકિતગત ભૂમિકાએ ન લેતાં ભૂમિકાનું સ્તર બદલીને સામાજીક કરી નાખ્યું. બધો મેલ ઉપર ખેંચી આણવો એ જ અહિંસાનું કામ છે. તેઓના મતે દેહને ઈજા એ જ હિંસા નથી પણ રાષ્ટ્રના કુંઠિત, શોષિત અને દિશાહીન માનવબંધુઓનું થતું દમન એ પણ હિંસા છે. હિંસા માનસિક, સામાજિક કે રાજકીય પણ હોઈ શકે અને આવી હિંસા માટે શબ્દ વાપર્યો -Structural-Violence (માળખાકીય હિંસા). સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાને કહ્યું છે કે: ‘અમને ગાંધીજીએ મોટામાં મોટી વાત જો શીખવી હોય તો અહિંસાની.' ગાંધીજીના અહિંસક આંદોલનોમાં સ્ત્રી-પુરુષ, નાના-મોટા, ગરીબ-તવંગર, વૃદ્ધો, બીમારો અને બાળકો પણ હતાં. આ આંદોલનો જો માત્ર શસ્ત્રોને બળે ચાલતાં હોત તો એમાં ભળનારા વ્યક્તિઓનો વ્યાપ આટલો મોટો કદી ન થઈ શક્યો હોત.

ગાંધીજીનાં સત્ય અને અહિંસાને જોડનારૂં જે કંઈ તત્વ તે એમની ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા હતી. આશ્રમના અગિયાર વ્રતોમાં કેન્દ્રિય વિચાર સત્યના વ્રતનો હતો. એમના વ્રતોના સૂર્યમંડળમાં સત્ય સૂર્ય સમાન અને અન્ય વ્રતો ગ્રહો-ઉપગ્રહો હતા. “જે વસ્તુ જે રૂપમાં છે તેને તેજ રૂપમાં કહેવી તે સત્ય'' એ ગાંધીજીની શકિતનો મૂળ સ્ત્રોત હતો. એક વૈજ્ઞાનિકની માફક તેમનું આખું જીવન સત્ય શોધક જેવું રહયું. અને એ શોધ ઉપર જ પોતાના ચરિત્રને ઘડયું હતું. તેમણે ‘સત્યને વાણીનું વિશેષણ નહોતું બનાવ્યું. તેઓ સત્યપારાયણ હતા. તેઓ કહેતા કે “સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું''. સેવાગ્રામમાં ગાંધીજીએ “મનમાં પણ અસત્યનો વિચાર ના આવવા દેવો'', આવું પાટીયા પર લખ્યું હતું. ગાંધીજીએ “અનાવશ્યક વિશેષણમાં પણ અસત્ય હોઈ ન શકે'' તેવું નારાયણભાઈ દેસાઈને એક બાબતે કહેલું અને આથી ગાંધીજીના સમગ્ર સાહિત્યમાં અનાવશ્યક વિશેષણો આપણને ભાગ્યે જ જોવા મળે છે. આમ, ગાંધીજીની સત્યની વ્યાખ્યા મનસા, વાચા, કર્મણા સુધી જઈને સ્થિર થઈ હતી.

ગાંધીજી અપરિગ્રહ વ્રતને સમજાવતાં કહેતા કે આદર્શ આત્યંતિક અપરિગ્રહ તો મનથી અને કર્મથી જે દિગંબર છે તેનો જ હોય છે. આ પૃથ્વી પર સૌની જરૂરીયાત માટે પૂરતું છે, પરંતુ લોભિયા માટે કશુંય પૂરતું નથી. તેઓ પોતાની જાતને ગરીબ કહેતા અને કસ્તૂરબાને ગરીબની પત્ની..

ગાંધીજી કુટુંબને ‘ઈશ્વરરચિત સંસ્થાન ' તરીકે ઓળખાવે છે. કસ્તૂરબા અને બાપુના જીવન વિશે વિનોબા કહે છે કે તેઓ આધુનિક યુગના વશિષ્ઠ- અરુંધતી હતાં. આ જમાનામાં આ રીતે રામકૃષ્ણ પરમહંસ વર્ત્યા હતા.

બાપુએ ખાદી વિશે જણાવ્યું કે “...ખાદી છોડો એમ હું કદી કહેવાનો નથી. સાચી સ્વતંત્રતા હજી આવી નથી. પણ સ્વતંત્રતા આવ્યા પછી ખાદી છોડવી એ તો જે સીડીથી ઊંચે ચડ્યા તેને લાત મારી ફેંકી દેવા જેવું થશે...''

રાજકારણ એ સત્ય અને અહિંસાને આધારે જ ચાલી શકે, તે ધર્મથી અલગ કે ભિન્ન નથી, તેમ કહેતા બાપુએ અંગ્રેજો ગયા પછી દેશમાં રચનાત્મક કામોની સાથે સાથે સમાજ અને રાજકારણસુધારણાને મહત્વ આપ્યું. એ તેમની સૌથી મોટી શોધ છે. ગાંધીજી કહેતા કે ‘અંદરથી સુધારો કર્યા વિના રાજકીય સવલતો માટે આંદોલન કરવાથી દેશને કશો લાભ નહીં થાય.

શિક્ષણમાં માત્ર મગજનો ઉપયોગ ન કરતાં શરીર, મન, હૃદય, આત્મા વિગેરેનો ઉપયોગ કરવા જણાવી સર્વાંગી શિક્ષણની સાથે પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ સુધી વ્યક્તિ માતૃભાષાના માધ્યમ દ્વારા અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ, તેવો વિચાર તેમણે મુક્યો હતો.

જાન્યુઆરી ૩૦, શુક્રવાર, ૧૯૪૮ના રોજ વજ્રપાત થયો. દિલ્હીની પ્રાર્થનામાં ગાંધીજીની હત્યા કરવામાં આવી...મૃત્યુની છેલ્લી ક્ષણે તેમના શબ્દો હતાઃ ‘હે રામ!'...

બાપુની આ અમૃતમયતાની જીવનસાધનાનો અંત આવ્યો. મહાત્માજીને લગતી ઘણી મહાન વસ્તુઓની સાથે એમનું મૃત્યુ કદાચ સૌથી મહાન ઘટના છે. ૩૨ વર્ષ સુધી ગાંધી અંગ્રેજ હકૂમત સામે લડતા રહ્યા. પરંતુ પોતાના આઝાદ દેશમાં તેઓ ફક્ત પાંચ મહિના જ જીવિત રહી શક્યા!

ટૂંકી પોતડીમાં શોભતા ગાંધી આપણી વચ્ચે મનુષ્યદેહે ધર્મ વિચરતો હોય એ રીતે જીવન જીવી ગયા. તેમની પાસે આત્મબળ, સત્યાગ્રહ, મક્કમતા, પારદર્શિતા, આચાર અને વિચાર વચ્ચે તફાવત વગરનું જીવન તથા સતત વિકસતા રહેવાનું ક્રાંતિકારી વલણ હતું. તેમણે આત્મનિરીક્ષણ, આત્મપરીક્ષણ અને આત્મશોધન દ્વારા આત્મવિકાસ સાધ્યો હતો. માનવી પૂર્ણતા તરફ કઈ રીતે પ્રગતિ કરી શકે છે, તેનો ઉત્તમ નમૂનો એમના જીવનમાંથી સાંપડે છે.

બુદ્ધ અને ઈશુની કોટિમાં જેમની ગણના થાય છે તેવા બાપુ આજે આપણો કાન પકડી આપણને રોકવાને હાજર નથી. જગત આપણા તરફ મીટ માંડી રહ્યું છે; અને એનું કારણ બાપુ છે. ઈશ્વર આપણને આ મહાપુરુષના દેશવાસી બનવાને લાયક બનાવે ! તેમણે બતાવેલ રસ્તે ચાલવાની શક્તિ આપે, એ જ પ્રાર્થના !

sscharan_aaa@yahoo.co.in





સ્વામીનારાયણ મંદિર, પેથાપુર ખાતે પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ઘનશ્યામ મહારાજ તથા રાધાકૃષ્ણદેવને વર્ષોની પરંપરા અનુસાર ત્રિરંગાના શણગાર કરવામાં આવ્યા હતા. સમગ્ર મંદિર પણ ત્રિરંગા ફુગ્ગાથી સજાવવામાં આવ્યું હતું, જેનાથી મંદિરમાં પણ દેશભક્તિનો માહોલ ઊભો થયો હતો. મહંત સ્વામી ધર્મપ્રવર્તક (ગુરુસ્વામી)ના આયોજનમાં ભક્તોએ આ અનોખા સજેલા માહોલમાં દર્શનનો લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)